### ખેડામાં ભૂમાફિયાઓ સામે પોલીસની આકરી કાર્યવાહી

# નડિયાદ : માથાભારે શખસ ભાનુ ભરવાડ અને પુત્ર નવઘણ ઝબ્બે

**નડિયાદ પંથકમાં** આતંક મચાવતી સંગઠિત ગેંગ સામે આઈજીની મંજૂરી બાદ એલસીબીનો સપાટો



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૫

ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ કરવા અને અસામાજિક તત્વોનો ખાતમો બોલાવવા પોલીસે સંગઠિત ગુનાખોરી સામે લાલ આંખ કરી છે. નડિયાદ અને આસપાસના વિસ્તારોમાં દાદાગીરી કરી ભયનું સામ્રાજ્ય ફેલાવનાર કુખ્યાત ભાનુ ભરવાડ ગેંગ સામે ખેડા જિલ્લાના ઈતિહાસમાં સૌપ્રથમ વખત ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (ગુજસીટોક) હેઠળ ગુનો નોંધી ગેંગના મુખ્ય સૂત્રધાર ભાનુ ભરવાડ અને તેના પુત્ર રાજેશ ઉર્ફે નવઘણની સત્તાવાર અટકાયત કરવામાં આવતા ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

નડિયાદમાં સંગઠિત ગુનાખોરીને મુળમાંથી ડામવા માટે અમદાવાદ વિભાગના આઈજીની મંજૂરી મળ્યા બાદ લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસે નડિયાદ રૂરલ પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો છે. પોલીસે બીલોદરાના વતની અને અગાઉ નગરપાલિકાના કાઉન્સિલર રહી ચૂકેલા પિતા-પુત્રની ધરપકડ કરી છે. સુપ્રીમ કોર્ટમાંથી જામીન મેળવ્યા બાદ પણ સતત ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા હોવાથી પોલીસે આ કડક કાયદાનો શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો છે.

#### પિતા-પુત્ર સામે 33 ગંભીર ગુના નોંધાયેલા છે

નડિયાદમાં ભાનુ ભરવાડનો ગુનાહિત ઇતિહાસ અત્યંત ગંભીર છે. ભાનુ ભરવાડ વિરુદ્ધ વર્ષ ૧૯૯૭ થી ૨૦૨૬ સુધીના સમયગાળામાં હત્યા અને ખૂનની કોશિશ જેવા ૨૦ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જેમાં તેને આજીવન કેદની સજા પણ થયેલી છે. જ્યારે તેના પુત્ર રાજેશ ઉર્ફે નવઘણ વિરુદ્ધ પણ વર્ષ ૨૦૦૩ થી ૨૦૨૬ દરમિયાન ૧૩ ગંભીર ગુનાઓ દર્જ થયેલા છે.

#### પોલીસની હાજરીમાં નવઘણે કર્યા બિભત્સ ચેનચાળા

પોલીસ આજે બંને આરોપીઓને કાર્યવાહી અર્થે લઈ જઈ રહી હતી ત્યારે વીડિયો ઉતારી રહેલા પત્રકારને જોઈ આરોપી રાજેશ ઉર્ફે નવઘણે પોલીસની હાજરીમાં જ બિભત્સ ચેનચાળા કર્યા હતા. આ ઉપરાંત જિલ્લા પોલીસ વડા જ્યારે માહિતી આપી રહ્યા હતા, ત્યારે પાછળ ઊભા રહીને પણ આરોપી નવઘણ જાણે એવોર્ડ લેવા આવ્યો હોય તે રીતે પોલીસને પડકાર ફેંકતો હોય તેમ હસતો જોવા મળ્યો હતો.

#### ધારાસભ્ય પર હુમલો અને કોમન પ્લોટ પચાવી પાડ્યો

ભૂતકાળમાં ડાકોરની જમીનના વિવાદમાં નડિયાદ કોર્ટની મુદત ભરીને પરત ફરી રહેલા ઠાસરાના ધારાસભ્ય પર પણ આ ગેંગ દ્વારા જિલ્લા પોલીસ વડાના બંગલા નજીક હુમલો કરાયો હતો. આ ઉપરાંત બીલોદરા પાસે નિર્મલ નગર સોસાયટીના કોમન પ્લોટ પર બળજબરીપૂર્વક કબજો જમાવી કેબિન ભાડે આપવા મામલે પૂર્વ સરપંચ વસંત સોઢાએ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

#### બિલ્ડરો અને ખેડૂતોને ધમકાવી જમીન પચાવી પાડવાનો ખેલ

આ ગેંગ દ્વારા લાંબા સમયથી નાના ખેડૂતો, વેપારીઓ અને બિલ્ડરોને ધમકાવી જમીનો પર ગેરકાયદે કબજો જમાવવાની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હતી. નડિયાદ નજીક બિલોદરા ખાતે અક્ષય બંગલોઝ સાઇટ પર જમીન માપણી ચાલતી હતી ત્યારે આ ગેંગના સભ્યોએ દાદાગીરી કરી હુમલો કર્યો હતો, કામમાં અડચણ ઊભી કરી મોબાઇલ છીનવી લીધા હતા. આ અંગે બિલ્ડર સંદીપ પટેલે ગેંગના ત્રાસ અંગે સત્તાવાર ફરિયાદ પણ નોંધાવી હતી. આ ઉપરાંત કપડવંજ રોડ પર ચાલતી હાઉસિંગ સ્કીમ નજીક ભાનુ ભરવાડની જમીન હોવાથી તે વેચી દેવા દબાણ કરાતું હતું. આ કેસની આગળની તપાસ કપડવંજ વિભાગના નાયબ પોલીસ અધિક્ષકને સોંપાઈ છે અને આરોપીઓના રિમાન્ડ મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# વીરસદના પેટ્રોલપંપ પર કર્મીના ૩૨ હજાર ચોરાયાં

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૫

બોરસદ તાલુકાના વીરસદ ગામે આવેલા જયદેવ પેટ્રોલપંપ પર નાઈટ શિફ્ટ દરમિયાન ઊંઘી ગયેલા કર્મચારીના પેન્ટના ખિસ્સામાંથી અજાણ્યો તસ્કર ૩૨ હજારની રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે. પેટ્રોલપંપના માલિક વિદેશથી પરત ફરતાં આ અંગે વીરસદ પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પેટલાદ તાલુકાના જોગાણ ગામના વતની ૩૪ વર્ષીય મનીષકુમાર વિનોદભાઈ ઠાકોર વીરસદના જયદેવ પેટ્રોલપંપ પર છેલ્લા આઠ માસથી ફીલર તરીકે નોકરી કરે છે. ગત ૨૦મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ તેમની સાંજના ૬ થી સવારના ૯ વાગ્યા સુધીની નાઈટ શિફ્ટ હતી. રાત્રે દોઢથી બે વાગ્યાના અરસામાં મનીષકુમારને અચાનક માથું દુખવા લાગતાં, તેઓ ઈંધણ વેચાણ પેટે એકત્ર થયેલી ૩૨ હજારની રોકડ પોતાના પેન્ટના જમણા ખિસ્સામાં રાખીને પંપ પરિસરમાં સૂઈ ગયા હતા.

વહેલી સવારે આશરે પાંચ વાગ્યે ડીઝલ પુરાવવા આવેલા ટ્રકચાલકને બાકીના નાણાં પરત આપવા ખિસ્સામાં હાથ નાખતાં રકમ ગાયબ જણાઈ હતી. પંપ પરિસરમાં શોધખોળ કરવા છતાં નાણાં ન મળતાં તેમણે તુરંત મેનેજરને જાણ કરી હતી. પંપના માલિક અમેરિકા ગયેલા હોવાથી તેઓ પરત આવ્યા બાદ સમગ્ર બનાવની જાણ કરાઈ હતી અને તેમની સૂચનાથી વીરસદ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પેટલાદ પાસે કારની ટક્કરે રિક્ષા પલટી જતાં વૃદ્ધનું મોત

**હાઇવેના** સર્વિસ રોડ પર બેફામ કારે રાહદારી અને રિક્ષાને અડફેટે લીધા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૫

પેટલાદ પાસેથી પસાર થતાં તારાપુર-વાસદ હાઈવે પર આવેલા સર્વિસ રોડ પર ખડાણા ગામની નળી પાસે પૂરઝડપે દોડતી એક કારે રાહદારી તેમજ રિક્ષાને જોરદાર ટક્કર મારી ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો. આ પ્રચંડ અકસ્માતમાં રિક્ષા પલટી મારી જતાં વડદલા ગામના રિક્ષાચાલક વૃદ્ધનું ઘટનાસ્થળે જ માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક રાહદારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

તારાપુર-વાસદ હાઈવે પર ફાર્માઝા કંપનીથી કણીયા હનુમાનજી મંદિર તરફ જવાના સર્વિસ રોડ પર ગત ૧૪મી ઓક્ટોબરના રોજ સાંજના આશરે પોણા સાતેક વાગ્યાના સુમારે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારના ચાલકે ગાડી ગફલતભરી રીતે હંકારી સર્વિસ રોડ પરથી પસાર થતા ધર્મજ ગામના રાહદારી ગીરીશભાઈ રાવજીભાઈ પટેલને જોરદાર ટક્કર મારી હતી. બાદમાં અનિયંત્રિત કારે સામેથી આવી રહેલી રિક્ષાને પણ પ્રચંડ ટક્કર મારતાં રિક્ષા રોડ પર ફંગોળાઈને ઊંધી વળી ગઈ હતી.

આ અકસ્માતની ટક્કર એટલી ભયાનક હતી કે રિક્ષાચાલક શનાભાઈ રામાભાઈ ઠાકોર (રહે. વડદલા, મહાદેવ ફળિયું) ને માથાના પાછળના ભાગે જીવલેણ ઈજા થતાં ૧૦૮ ના તબીબી સ્ટાફે તેમને મૃત જાહેર કર્યા હતા. જ્યારે શનાભાઈ એકલવાયું જીવન જીવતા હતા અને રિક્ષા ચલાવીને જ પોતાનું ગુજરાન ચલાવતા હતા. આ અકસ્માતમાં ઘવાયેલા રાહદારી ગીરીશભાઈને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, અકસ્માતમાં કારનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો અને કારચાલક પોતાની ફોરવ્હીલ ગાડી ઘટનાસ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. મૃતકના ભત્રીજા વિજયભાઈ રાવજીભાઈ ઠાકોરની ફરિયાદના આધારે પેટલાદ રૂરલ પોલીસે ગુનો નોંધી કારચાલકની શોધખોળ હાથ ધરી છે.

# લુણાવાડાનું 'રાણા ગણેશ યુવક મંડળ' સમગ્ર રાજ્યમાં ત્રીજા ક્રમે વિજેતા બન્યું

**'ઓપરેશન સિંદૂર'** થીમ અને ઈકો-ફ્રેન્ડલી ડેકોરેશન બદલ સન્માન કરાશે

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૫

સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા આયોજિત 'શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા - ૨૦૨૫'માં મહીસાગર જિલ્લાના વડામથક લુણાવાડાના 'શ્રી રાણા ગણેશ યુવક મંડળ, મોટી ગોલવાડ, રાણાવાસ' એ સમગ્ર રાજ્યમાં ત્રીજું સ્થાન હાંસલ કરી જિલ્લા તથા રાણા સમાજનું ગૌરવ વધાર્યું છે.




આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યની ૪ મહાનગરપાલિકાઓ સિવાયના ૨૯ જિલ્લાઓમાંથી પસંદ થયેલા શ્રેષ્ઠ ગણેશ મંડળો વચ્ચે તીવ્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મૂલ્યાંકન માટે મંડપ અને શણગાર, સામાજિક સંદેશ, ઈકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમાની પસંદગી, સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ તથા 'ઓપરેશન સિંદૂર' થીમ આધારિત ડેકોરેશન જેવા વિવિધ માપદંડો ધ્યાને લેવામાં આવ્યા હતા. લુણાવાડાના શ્રી રાણા ગણેશ યુવક મંડળ દ્વારા રજૂ કરાયેલા 'ઓપરેશન સિંદૂર' થીમના ભવ્ય અને રચનાત્મક પ્રદર્શનને નિર્ણાયકો દ્વારા ખૂબ જ બિરદાવવામાં આવ્યું હતું. આ ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ રાજ્ય સરકાર દ્વારા મંડળને એક લાખ પચાસ હજાર રૂપિયાની રોકડ પુરસ્કાર રકમ અને સન્માન પત્ર એનાયત કરવામાં આવશે.

# ક્ષત્રિય સમાજની વાડી માટે જમીનનું દાન આપ્યું

**સમાજના સર્વાંગી** વિકાસ અર્થે અન્ય લોકોએ પણ ઉદાર હાથે સખાવત આપી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૫

કપડવંજ તાલુકાના ક્ષત્રિય સમાજની એકતા, સંગઠન અને સર્વાંગી વિકાસને મજબૂત બનાવવાની દિશામાં ચેતનસિંહ પરમારે સમાજહિતમાં મહત્વપૂર્ણ પહેલ કરી છે. સમાજ માટે વાડીના નિર્માણના હેતુથી તેમણે ફરી એકવાર જમીનનું દાન આપી સમાજ પ્રત્યેની પોતાની સેવા ભાવના અને પ્રતિબદ્ધતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

કપડવંજ તાલુકાના ક્ષત્રિય સમાજના શૈક્ષણિક વિકાસ, સામાજિક પ્રવૃત્તિઓ અને આગામી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય અંગે સતત ચિંતિત રહી કાર્યરત રહેતા ચેતનસિંહ પરમારની આ પહેલને સમાજના લોકો દ્વારા સહર્ષ આવકારવામાં આવી છે.



સમાજનું પોતાનું સંકુલ ઊભું થવાથી સામાજિક મેળાવડા, વિવિધ પ્રસંગો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ સમાજલક્ષી કાર્યક્રમો માટે એક સુવિધાજનક માળખું ઉપલબ્ધ થશે. આ પહેલ બદલ સમાજના આગેવાનો અને સભ્યોએ ચેતનસિંહ પરમારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા છે. આ સાથે જ ક્ષત્રિય સમાજના લોકોએ પણ ઉદાર હાથે સખાવત આપીને વાડી નિર્માણના કાર્યને વધુ વેગવંતુ બનાવવા માટે ભાગીદારી નોંધાવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વીરપુરના ડેભારીના શિક્ષક અરવિંદકુમાર પરમારને રાજ્યકક્ષાનો 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ' એનાયત



**વીરપુર** | વીરપુર તાલુકાના ડેભારી ગામના વતની અને પડાલ પ્રાથમિક શાળાના શિક્ષક અરવિંદકુમાર રામાભાઈ પરમારને રાજ્યકક્ષાના 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. અંબાજી નજીક હડાદના વાત્સલ્યધામ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પ્રકૃતિ સંરક્ષણ અને વૃક્ષારોપણ ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ તેમને આ સન્માન મળ્યું હતું. શિક્ષકો અને સંસ્થાઓ દ્વારા ૬ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરીને વર્લ્ડ રેકોર્ડ સ્થાપવામાં આવ્યો હતો. અરવિંદકુમારને આ રાજ્યસ્તરીય એવોર્ડ મળતા તેમના વતન ડેભારી ગામમાં ગૌરવની લાગણી પ્રસરી છે.

### આંકલાવના ઉમેટામાં નવીન દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મકાનનું લોકાર્પણ કરાયું



**આંકલાવ** | આંકલાવ તાલુકાના ઉમેટા ગામમાં નવીન દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મકાનનું ધારાસભ્ય અમિતભાઇ ચાવડાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમુલ ડેરીના ડિરેક્ટર રાજેન્દ્રસિંહ પરમાર તથા મહેન્દ્રસિંહ પરમાર સહિતના સહકારી ક્ષેત્રના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. E કાર્યક્રમમાં એપીએમસી વાઇસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ મહિડા અને તાલુકા પંચાયત પ્રમુખ સોનલબહેન પઢિયાર સહિતના સ્થાનિક પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ લોકાર્પણ પ્રસંગે આસપાસના ગામના સરપંચો, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### માતરના રતનપુર ગામના પ્રથમ BAMS ડોક્ટર બની લુબના પઠાણે ગૌરવ વધાર્યું



**માતર** | માતર તાલુકાના અંદાજિત ૫૨૦૦ની વસ્તી ધરાવતા રતનપુર ગામની લુબના મુબારકખાન પઠાણે બીએએમએસની ડિગ્રી મેળવીને ગામના પ્રથમ ડોક્ટર બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ અપ્રતિમ સફળતા મેળવીને તેમણે પોતાના પરિવાર, ગામ અને મુસ્લિમ સમાજનું નામ રોશન કર્યું છે. દીકરીની આ સિદ્ધિ બદલ વેલ્ફેર અને એજ્યુકેશન સોસાયટી નડિયાદ પરિવાર તરફથી તેમને ખાસ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ અંગે સંસ્થાએ જણાવ્યું હતું કે તેમની મહેનત, સમર્પણ અને ઉત્સાહ સમાજના અન્ય યુવાનો માટે એક ઉત્તમ પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

### આણંદની એનએસ પટેલ આર્ટસ કોલેજમાં સહકારી શિક્ષણ અને તાલીમ વર્ગ યોજાયો



**આણંદ** | સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એસ. પટેલ આર્ટસ કોલેજમાં આણંદ જિલ્લા સહકારી સંઘ દ્વારા ૫ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન સહકારી શિક્ષણ અને તાલીમ વર્ગ યોજાયો હતો. આ તાલીમ વર્ગમાં અર્થશાસ્ત્ર વિષયના ૪૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને સહકારના સિદ્ધાંતો, નાણાકીય જાગૃતિ, નેતૃત્વ અને રોજગારીના અવસરો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમના અંતિમ દિવસે વિદ્યાર્થીઓને અમૂલ ડેરી આણંદ અને અમુલ ચોકલેટ પ્લાન્ટ મોગરની મુલાકાત કરાવવામાં આવી હતી.

### ચરોતર ગેસ દ્વારા કાવીઠા અને વહેરા ગામે પીએનજી સેવાનો પ્રારંભ કરાયો



**આણંદ** | બોરસદ તાલુકાના કાવીઠા અને વહેરા ગામે ચરોતર ગેસ સહકારી મંડળી લિમિટેડ દ્વારા ઘરઆંગણે પીએનજી ગેસ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો છે. રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલના વરદ હસ્તે ગેસ પાઇપલાઇનનું પૂજન તેમજ પીએનજી કનેક્શનનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે ચરોતર ગેસના ચેરમેન સુરેશભાઈ પી. પટેલ સહિત કાવીઠા અને વહેરા ગામના સરપંચો તથા સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આમ ઘરઆંગણે પાઇપલાઇન મારફતે ગેસ સુવિધા ઉપલબ્ધ થતાં બંને ગામના નાગરિકોમાં આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી છે.

### આણંદમાં રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા ગરબોત્સવ ભવ્ય રીતે યોજાયો



**આણંદ** | શહેરની રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા પ્રથમ સંયુક્ત એસઆરકેએસએમ ગરબોત્સવ-2026માં 15 હજારથી વધુ ખેલૈયાઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જાણીતી ગાયિકા કાવ્યા લીમયેના સુરીલા સૂર પર પરંપરાગત વેશભૂષામાં સજ્જ યુવાનો અને વિદ્યાર્થીઓ મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય યોગેશભાઈ પટેલ, કલેક્ટર પ્રવીણભાઈ ચૌધરી અને મેયર દીપિકાબેન પટેલ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી મા અંબાની આરતી કરી હતી. વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા તથા સંસ્થાના હોદ્દેદારોના નેતૃત્વ હેઠળ આ સાંસ્કૃતિક મહોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### ચારુસેટમાં સીએસપીઆઇટી દ્વારા 'એઆઇ ફોર ઓલ મીટઅપનું આયોજન કરાયું




**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન સીએસપીઆઈટીના એઆઈએમએલ વિભાગ દ્વારા એઆઈ ક્ષેત્રે જ્ઞાન અને અનુભવોની આપ-લે માટે 'એ.આઈ. ફોર ઓલ મીટઅપ ૪.૦' યોજાયું હતું. આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને ૬ ઉદ્યોગ નિષ્ણાતો સાથે સીધો સંવાદ કરવાની અને માર્ગદર્શન મેળવવાની તક મળી હતી. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા પોતાના નવતર વિચારો, પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન અને પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા.

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા આદિવાસી ખેડૂતો માટે પાક વ્યવસ્થાપન તાલીમ યોજાઈ




**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા દેવગઢબારિયા ખાતે ટ્રાયબલ સબ-પ્લાન અંતર્ગત એકદિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં લીમખેડા, રામા અને વાસ લાવરિયા ગામના ૫૦ આદિવાસી ખેડૂતોને પાકને પ્રાણીઓ તથા પક્ષીઓથી થતા નુકસાન અટકાવવાના વિવિધ વ્યવસ્થાપન ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૃષિ વૈજ્ઞાનિકોએ પ્રાકૃતિક ખેતી, જીવામૃત અને ઘનજીવામૃત બનાવવાની રીતો તેમજ જૈવિક કીટનાશકોના ઉપયોગ વિશે માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થી ખેડૂતોને બાયો-એનપી, મેટારીઝિયમ અને માહિતીપ્રદ સાહિત્ય ધરાવતી ઇનપુટ કિટનું વિતરણ કરાયું હતું.

### બાલાસિનોર અને કઠલાલમાં અંધજન મંડળ દ્વારા વિશ્વ માનસિક આરોગ્ય દિનની ઉજવણી



**બાલાસિનોર** | અંધજન મંડળ અમદાવાદના ઉર્જા વોકેશનલ સેન્ટર અને આરંભ ડે કેર સેન્ટર દ્વારા બાલાસિનોર અને કઠલાલ તાલુકામાં વિશ્વ માનસિક આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઓનલાઈન માધ્યમથી પ્રોજેક્ટ મેનેજર મિહીરભાઇ જાની અને સાયકોલોજીસ્ટ ઇશિકાબેન રાવલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન માનસિક બીમાર વ્યક્તિઓ અને તેમની સંભાળ રાખનારાઓએ રાખવાની કાળજી અંગે વિશેષ માહિતી આપવામાં આવી હતી. આ ઉજવણીમાં બાલાસિનોર અને કઠલાલનો ફિલ્ડ સ્ટાફ, સેન્ટર સ્ટાફ તથા કુલ ૭૦ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કપડવંજ ખાતે મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત વિશેષ બેઠક યોજાઈ



**કપડવંજ** | કપડવંજ ખાતે મહિલાઓને આત્મનિર્ભર અને સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ્ય સાથે મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત એક મહત્વપૂર્ણ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. દશરથભાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં મહિલા સશક્તિકરણ, આર્થિક સ્વાવલંબન, સ્વરોજગાર અને કૌશલ્ય વિકાસ જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રવિણભાઈ પરમાર, દિનેશભાઈ રાવળ તથા જશુભાઈ રાવળ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મહિલાઓના વિકાસ માટે સરકારી યોજનાઓના મહત્તમ લાભ પર ભાર મૂક્યો હતો.

### કપડવંજની શેઠ એમ.પી. મ્યુનિ. હાઈસ્કૂલમાં શિક્ષક વિષ્ણુભાઈ પટેલનો વિદાય સમારંભ યોજાયો



**કપડવંજ** | કપડવંજની શેઠ એમ.પી. મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં પરિવારની ઉપસ્થિતિ વચ્ચે શિક્ષક વિષ્ણુભાઈ અંબાલાલ પટેલનો વિદાય સમારંભ યોજાયો હતો. શાળાના આચાર્ય જતીનભાઈ પટેલ અને માધ્યમિક શાળા સમિતિના ચેરમેન ડો. ઉત્કર્ષ પટેલે નિવૃત્ત શિક્ષકને શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કર્યું હતું. નિવૃત્ત શિક્ષક તરફથી ઉપસ્થિત તમામ મહેમાનો, શિક્ષકો, ગ્રામજનો અને બાળકો માટે ભોજન વ્યવસ્થા રખાઈ હતી તથા શાળાને સાત બેન્ચીસ દાનમાં અપાઈ હતી. આ કાર્યક્રમના અંતે નિવૃત્ત શિક્ષકે વિદ્યાર્થીઓ પર પુષ્પવર્ષા કરતા સમગ્ર વાતાવરણ અત્યંત ભાવુક બન્યું હતું.